ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૨૩ નવેમ્બર, ૨૦૨૫

નડિયાદમાં મનપા અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી રહીશોના જીવ તાળવે , ચિત્રકૂટ સોસાયટી પાસે મોટો અકસ્માત ટળ્યો

નડિયાદમાં જર્જરિત ટાંકીનો તોતિંગ સ્લેબ ખાબક્યો

મકાનથી માત્ર ૧ કૂટ દૂર સ્લેબ પડતાં ભૂકંપ જેવો આંચકો અનુભવાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં વૈશાલી સિનેમા પાછળ આવેલી ચિત્રકૂટ સોસાયટી પાસે સ્થાનિક પ્રશાસન અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીનો ભયાવહ કિસ્સો સામે આવ્યો છે. અગાઉ મુખ્યમંત્રી કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ નવી ટાંકી બનતાં વર્ષો જૂની જર્જરિત પાણીની ટાંકી ઉતારવાનો આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ છેલ્લા દોઢ વર્ષથી ચાલતી આ જોખમી અને ધીમી કામગીરી દરમિયાન અચાનક ૫૦૦ ટન વજન ધરાવતો તોતિંગ સ્લેબ નીચે





ખાબકતા સમગ્ર વિસ્તાર ધ્રૂજી ઉઠ્યો હતો. અંદાજે ૧૦ બાય ૧૫ ફૂટનો સ્લેબ સીધો એક મકાનથી માત્ર ૧ ફૂટના અંતરે જ પડતાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ સોસાયટીના રહીશોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

નડિયાદમાં પાલિકા તંત્ર અને એજન્સી દ્વારા કોઈપણ પ્રકારના સેફ્ટી પ્રોટોકોલ કે નિયમો વિના કઢંગી રીતે કામગીરી ચલાવવામાં આવી રહી છે. સ્લેબ ધડાકાભેર નીચે પડતાં આસપાસના રહીશો ભૂકંપ આવ્યાની દહેશતથી ઘરોની બહાર દોડી આવ્યા હતા. સ્થાનિકો દ્વારા વારંવાર ફરિયાદો કરવા છતાં તંત્ર કે કોન્ટ્રાક્ટર કોઈ સાંભળવા તૈયાર નથી. પ્રજાના માથે સતત મોતના વાદળો ભમાવી રહેલા કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક સરકારી અને કાનૂની કાર્યવાહી કરવાની માંગણી હવે સ્થાનિકોમાં ઉગ્ર બની છે.

બાળકો-વૃદ્ધોશ્વાસનીતકલીફનોભોગબન્યા



નડિયાદની ચિત્રકૂટ સોસાયટી પાસે ટાંકી તોડતી વખતે સતત ઉડતી માટી અને ધૂળની ડમરીઓએ રહીશોનું જીવવું હરામ કરી દીધું છે. રોજેરોજ ઘરોમાં માટીના થર જામી રહ્યા છે, જેના કારણે નાના બાળકો અને વૃદ્ધોમાં શરદી, ખાંસી સહિતની બીમારીઓ ફેલાઈ રહી છે. આટલી ગંભીર સ્થિતિ છતાં આરોગ્ય વિભાગ કે પાલિકા તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવાયા નથી.

દીવાલ તોડી કાટમાળ ૧૦ ફૂટ ઊંડે ખૂંપી ગયો હતો !



દસેક દિવસ અગાઉ પણ આ જ સ્થળે સ્લેબ પડવાની ગંભીર ઘટના બની હતી, જેમાં બાજુના મકાનની બાઉન્ડ્રી વોલ તૂટી ગઈ હતી. ટ્રક સમાઈ જાય તેવડો મોટો કાટમાળ જમીનમાં ૧૦ ફૂટ ઊંડે ખૂંપી જવા છતાં તંત્રની આંખ ઉઘડી ન હતી અને કોઈ જ સુરક્ષા વગર કામ ચાલુ રાખવામાં આવ્યું છે.

મજૂરો પાસે હેલ્મેટ કે બૂટ સુદ્ધાં નથી !

નડિયાદમાં ટાંકી તોડવાનું જોખમી ઊંચાઈ પર કામ કરી રહેલા શ્રમિકોની સુરક્ષા રામ ભરોસે છે. કામદારોને હેલ્મેટ, સેફ્ટી બૂટ કે સેફ્ટી બેલ્ટ જેવી પ્રાથમિક સુવિધાઓ પણ આપવામાં આવી નથી. સાદારણ કપડાં અને ચપ્પલ પહેરીને મજૂરો જીવના જોખમે કામ કરી રહ્યા છે અને શ્રમ વિભાગ તેમજ પાલિકા તમાશો જોઈ રહ્યા છે.

આણંદમાં લગ્નના દસ જ દિવસમાં પરિણીતાને ત્રાસ

પતિએ છૂટાછેડા માટે ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદ શહેરના નૂતનનગર પાસે આવેલી યાદગાર સોસાયટીમાં રહેતી ૨૩ વર્ષીય પરિણીતાને લગ્નના માત્ર દસ જ દિવસમાં ડાયાબિટીસની બીમારી થતાં સાસરિયાએ ત્રાસ આપી મારી નાખવાની ધમકી આપ્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આણંદ શહેરની યાદગાર સોસાયટીમાં રહેતા મનતાશાબેન વહોરા (ઉ.વ. ૨૩)ની ફરિયાદ મુજબ, ૨૯મી જુલાઇ,૨૦૨૬થી ૨૧મી નવેમ્બર,૨૦૨૬ દરમિયાન તેમના સાસરિયાએ ત્રાસ આપ્યો હતો. લગ્નના દસ દિવસ બાદ પરિણીતાને ડાયાબિટીસની બીમારી લાગુ પડતાં સાસરિયાએ મહેણાંટોણાં મારવાનું શરૂ કર્યું હતું. બાદ ઘરકામ જેવી નાની નાની બાબતોમાં ઝઘડા કરીને છૂટાછેડા માટે દબાણ કરવામાં આવતું હતું. આ ઉપરાંત સાસરિયાઓ દ્વારા અપશબ્દો બોલી, મારઝૂડ કરતાં હતાં. જો પરિણીતા છૂટાછેડા નહીં આપે તો જમવામાં ઝેર ભેળવી જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી. સતત ત્રાસથી કંટાળીને પરિણીતાએ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે મહિલા પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે પતિ ફરહાન જબ્બારભાઈ વહોરા, સલમાબેન જબ્બારભાઈ વહોરા, જબ્બારભાઈ અબ્દુલભાઈ વહોરા, સરમીનબેન ઉવેશભાઈ વહોરા અને ફરહીનબેન આમનીભાઈ વહોરા (તમામ રહે. યાદગાર સોસાયટી, આણંદ) સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મૃતક ભાઈના સહી અને ફોટાનો દુરુપયોગ કરી ભાડાકરાર બનાવનાર અને કરોડોનો માલ સગેવગે કર્યો

મહેમદાવાદમાં બોગસ દસ્તાવેજ બનાવી કરોડોની ઉચાપતમાં ગુનો નોંધવા આદેશ

કૌટુંબિક ભાગીદારો સામે પોલીસની ઢીલી નીતિ પર કોર્ટની નારાજગી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

મહેમદાવાદ ખાતે આવેલી અંબિકા ઓઇલ કેક ઇન્ડસ્ટ્રીઝમાં કૌટુંબિક ભાગીદારો દ્વારા મૃતક ભાઈના નામે ખોટો ભાડાકરાર ઉભો કરી તથા પેઢીમાંથી કરોડો રૂપિયાનો માલ સગેવગે કરવાના કેસમાં મહેમદાવાદ કોર્ટે પોલીસને તાત્કાલિક FIR નોંધી નિષ્પક્ષ તપાસ કરવા મહત્વનો આદેશ કર્યો છે. પોલીસે અગાઉ આ ગંભીર બાબતને માત્ર કૌટુંબિક કે દીવાની તકરાર ગણાવી કોઈ કાર્યવાહી ન કરતાં મહેમદાવાદના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં સીઆરપીસીની કલમ 156 મુજબ અરજી દાખલ કરવામાં આવી હતી.

મહેમદાવાદની નવજીવન સોસાયટીમાં રહેતા ભુપેન્દ્ર મનુભાઈ શેઠે કોર્ટમાં કરેલી ફરિયાદ મુજબ, ખાત્રજ સ્થિત તેમની સંયુક્ત માલિકીની જગ્યા પચાવી પાડવાના ઈરાદાથી આરોપીઓ રાજેશ મનુભાઈ શેઠ, સૌનક મુકેશભાઈ પટેલ, નિસર્ગ રાજેશભાઈ શેઠ અને મેહુલ ઉપેન્દ્રભાઈ શાહ દ્વારા 17મી ઓગસ્ટ 2020ના રોજ બોગસ ભાડાકરાર બનાવવામાં આવ્યો હતો. આ કરારમાં ભુપેન્દ્ર શેઠના મૃતક ભાઈ જયેશ શેઠ (અવસાનઃ 6 ડિસેમ્બર 2019) ના ફોટા અને સહીનો ગેરકાયદે દુરુપયોગ કરી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળીના નામે ગેરકાયદેસર રીતે જગ્યાનો ઉપયોગ શરૂ કરાયો હતો.

આ અંગે નીરવ ભુપેન્દ્રભાઈ શેઠ દ્વારા રાજેશ શેઠ, ઋષભ શેઠ અને નિસર્ગ શેઠ સામે કરાયેલી અન્ય એક ફરિયાદ મુજબ, પેઢીના સરનામે જ પોતાની ખાનગી કંપનીઓ (ઋષભ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ અને ટીએનએસ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ) ઉભી કરી દીધી હતી. પેઢીની મશીનરી અને ગોડાઉનનો મફત ઉપયોગ કરી અંદાજે 1.42 કરોડ અને 1.55 કરોડનો માલ પોતાની કંપનીઓ મારફતે બારોબાર વેચી મારી ઉચાપત કરી હતી તથા પેઢીના નામે ખરીદેલી ગાડીઓ પણ વેચી મારી મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું.

જોકે, પોલીસે અગાઉ અરજીઓ છતાં દીવાની તકરાર ગણાવી કેસ બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો. આખરે મહેમદાવાદની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટે નોંધ્યું કે મૃતક વ્યક્તિના નામે દસ્તાવેજો બનાવવો અને કરોડોનો માલ સગેવગે કરવો તે માત્ર દીવાની તકરાર નથી પરંતુ ગંભીર ફોજદારી ગુનો છે. કોર્ટે સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીને ગુનો નોંધીને નિષ્પક્ષ તપાસ કરી રજૂઆત કરવાનો સ્પષ્ટ આદેશ કર્યો છે.

કઠલાલ JNVની પ્રવેશ પરીક્ષા 28મીએ યોજાશે

જિલ્લાના ૩૯ કેન્દ્રો પર ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

કઠલાલ ખાતે આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં શૈક્ષણિક સત્ર 2027 ના પ્રવેશ માટે આગામી 28 નવેમ્બર 2026 ના રોજ લેવાનાર પ્રવેશ પરીક્ષા સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા 39 પરીક્ષા કેન્દ્રોની ફાળવણી સાથે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ પરીક્ષામાં સમગ્ર જિલ્લામાંથી 10 હજારથી વધુ વિદ્યાર્થી ભાગ લેવાના છે.

કઠલાલ ખાતે આવેલી જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા શાંતિપૂર્ણ અને પારદર્શક માહોલમાં યોજાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા 2023 ની કલમ 163 અન્વયે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ 28મી નવેમ્બરે સવારે 11.00 થી બપોરે 1.30 કલાક દરમિયાન પરીક્ષા કેન્દ્રોની 100 મીટરની ત્રિજ્યામાં અનધિકૃત પ્રવેશ, ઝેરોક્ષ મશીન, મોબાઈલ, સ્માર્ટ વોચ, વોકી ટોકી અને લાઉડ સ્પીકરના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનારા સામે સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આ પરીક્ષા નડિયાદ, મહેમદાવાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર, મહુધા, ખેડા, ગળતેશ્વર, વસો અને ફાગવેલ ખાતે કેન્દ્રો નક્કી કરાયા છે, જેમાં કપડવંજ અને મહેમદાવાદ તાલુકામાં સૌથી વધુ 6-6 કેન્દ્રો જ્યારે નડિયાદમાં સેન્ટ મેરી અને ન્યૂ ઇંગ્લિશ સહિત 5 કેન્દ્રો રાખવામાં આવ્યા છે.

તારાપુરના મહિયારીમાં ચૂંટણીના પ્રચાર મુદ્દે બે જૂથ વચ્ચે મારામારી

સરપંચની ચૂંટણી અદાવતમાં ફેંટ પકડી ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

તારાપુર તાલુકાના મહિયારી ગામે સ્વામિનારાયણ મંદિર પાસે સરપંચની ચૂંટણીના પ્રચારની અદાવત રાખી બે પક્ષો વચ્ચે ઝપાઝપી અને મારામારી થવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે બંને પક્ષોએ એકબીજા પર ફેંટ પકડી માર મારવાનો, અપશબ્દો બોલવાનો અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આક્ષેપ કરીને તારાપુર પોલીસ મથકે સામસામી ફરિયાદ નોંધાવી છે.



તારાપુરના મહિયારીના મોટા ભાગમાં રહેતા દશરથસિંહ ઉર્ફે દિલજીતસિંહ દેવીસિંહ ચૌહાણ (ઉ.વ.34)એ નોંધાવેલી પ્રથમ ફરિયાદ મુજબ, તા. ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧ વાગ્યે ગામના ભીમજી ફળિયામાં રહેતા રણજીતસિંહ માવુભાઈ ચૌહાણે તેઓ સરપંચની ચૂંટણીનો પ્રચાર કરે છે તેવો વહેમ રાખી ઝઘડો કર્યો હતો. આ દરમિયાન આરોપીએ ફેંટ પકડી ગાલ પર થપ્પડ મારવા જતાં ફરિયાદીએ હાથ આડો ધરતાં જમણા હાથના અંગૂઠા પાસે ઈજા પહોંચી હતી.

બીજા પક્ષે રણજીતભાઈ માવસંગભાઈ ચૌહાણે નોંધાવેલી વળતી ફરિયાદ મુજબ, તે જ સમયે દિલજીતસિંહ ઉર્ફે દશરથભાઈ દેવીસિંહ ચૌહાણે તેમની ફેંટ પકડી લીધી હતી. ‘તું મારી વિરુદ્ધ સરપંચની ચૂંટણીનો પ્રચાર કેમ કરે છે’ તેમ કહી તેમની સાથે મારમારી કરી હતી અને ફરી પ્રચાર કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગે તારાપુર પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે સામસામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં અદાવતમાં સામાન સળગાવી દીધો

ઇમરજન્સી ૧૧૨નું સાયરન વાગતાં ટોળાખોરો ઈકો ગાડી મૂકી ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદના મંજીપુરા રોડ પર આવેલા મકાન બહાર જૂની અદાવત રાખી ચાર શખ્સોએ પેટ્રોલ જેવું પ્રવાહી છાંટી સામાન સળગાવી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી છે.

નડિયાદની જુલેલાલ સોસાયટી (મંજીપુરા રોડ) ખાતે રહેતા સુનીલ કનૈયાલાલ નેનવાણીના ઘર બહાર ૨૧મીની રાત્રે કેટલાક શખ્સોએ આવી બૂમાબૂમ કરી હતી. પરિવારે બહાર આવીને જોતાં ઘર બહાર ખુલ્લી જગ્યામાં મૂકેલ કુલરનું પાટિયું તથા લોખંડનો પલંગ સળગી રહ્યા હતા. આ સમયે સચીન સંજયભાઈ દંતાણી, મોહન ભયલાલભાઈ રાણા, અજય ગણેશ મરાઠે અને કૈલાસ સીતારામ મરાઠેએ સુનીલના ભાઈ ગોવિંદભાઈ ઉર્ફે રાવણને અપશબ્દો બોલી બહાર આવવા બૂમો પાડી હતી. આ શખસોએ ત્રણ દિવસ અગાઉ રેલ્વે સ્ટેશને મોહનભાઈને માર માર્યાની બાબતે અદાવત રાખી ગોવિંદભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સચીન દંતાણીએ બોટલમાં લાવેલ પેટ્રોલ જેવું પ્રવાહી છાંટીને સામાનમાં આગ લગાડી હોવાનું સામે આવ્યું છે.

આ ઘટના અંગે ૧૧૨ પોલીસને ફોન કરાતાં સાયરનનો અવાજ સાંભળી ચારેય શખ્સો ઈકો ગાડીમાં ભાગવા ગયા હતા, પરંતુ ગાડી અચાનક ફસાઈ જતાં તેઓ ગાડી સ્થળ પર જ મૂકીને ભાગી ગયા હતા. આ અંગે નડિયાદ ટાઉન પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા કેમ્પસપ્લેસમેન્ટ માટે કરાર કરાયાં

વિદ્યાર્થીઓ માટે રોજગાર, કેમ્પસ પ્લેસમેન્ટ અને કારકિર્દી માર્ગદર્શનની નવી તકો ઊભી કરવાનો મુખ્ય ઉદ્દેશ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

શૈક્ષણિક અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવવા તેમજ વિદ્યાર્થીઓ માટે રોજગાર અને પ્લેસમેન્ટની નવી તકો ઊભી કરવાના ઉદ્દેશ્ય સાથે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એકોર્ન યુનિવર્સલ કન્સલ્ટન્સી એલએલપી સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલના માર્ગદર્શન



હેઠળ આ મહત્વપૂર્ણ ભાગીદારી કરવામાં આવી છે. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ્સ યોજવાનો, વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવાનો અને ઉદ્યોગજગતનો પ્રત્યક્ષ અનુભવ ઉપલબ્ધ કરાવવાનો છે. આનાથી ઉભરતી યુવા પ્રતિભાઓને રોજગારની સંભવિત તકો સાથે જોડીને તેમના કારકિર્દી વિકાસને વેગ મળશે. આ પહેલ સરદાર પટેલ યુનિવર્સિટીની યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગની વર્તમાન જરૂરિયાતો મુજબનું કુશળ તથા ઉદ્યોગલક્ષી કાર્યબળ તૈયાર કરવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

કપડવંજમાં ગળામાં નાળ વીંટળાયેલા બાળકની રસ્તામાં કટોકટીપૂર્ણ પ્રસૂતિ

બાળકના ગળામાંથી નાળ દૂર કરી બીવીએમ વડે કૃત્રિમ શ્વાસ અપાયા

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૨

કપડવંજ તાલુકાના આંત્રોલી ગામ નજીક ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સના કર્મચારીઓએ પોતાની અદ્ભુત સમયસૂચકતા અને તબીબી માર્ગદર્શન વડે ગંભીર સ્થિતિમાં રસ્તામાં જ સફળ પ્રસૂતિ કરાવી માતા અને નવજાત શિશુનો જીવ બચાવી લીધો છે. પ્રસૂતિ દરમિયાન બાળકના ગળામાં નાળના બે આંટા વીંટળાયેલા હોવા છતાં ૧૦૮ ની ટીમે તબીબી માર્ગદર્શન હેઠળ કટોકટીમાંથી બાળક અને માતાને ઉગારી લીધાં હતાં.

કપડવંજના આંત્રોલી ગામની ૨૪ વર્ષીય સગર્ભા મહિલાને બપોરે ૧૬:૦૪ કલાકે પ્રસૂતિની પીડા ઉપડતાં પરિવારજનોએ ૧૦૮ ને કોલ કર્યો હતો. કોલ મળતાં જ કપડવંજ IFT લોકેશનની એમ્બ્યુલન્સ તાત્કાલિક પહોંચી હતી. મહિલાની બાયડ ખાતેની ગાયત્રી હોસ્પિટલમાં સારવાર ચાલુ હોવાથી ઈએમટી યોગેશ્વર સોલંકી તથા પાયલોટ વિશાલભાઈ વાળંદે તેમને હોસ્પિટલ લઈ જવા રવાના કર્યા હતા.

જોકે, રસ્તામાં જ પ્રસૂતિની પીડા વધતાં એમ્બ્યુલન્સ સુરક્ષિત જગ્યાએ સાઈડમાં ઊભી રાખી ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના ફિઝિશિયન ડો. કૌશલનું માર્ગદર્શન લેવાયું હતું. પ્રસૂતિ દરમિયાન બાળકના ગળામાં નાળના બે આંટા વીંટળાયેલા જણાયા હતા, જેના કારણે બાળકને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થઈ રહી હતી. ડોક્ટરની સલાહ મુજબ ઈએમટી યોગેશ્વર સોલંકીએ સાવચેતીપૂર્વક ગળામાંથી નાળ દૂર કરી હતી અને બાળકની સ્થિતિ ગંભીર જણાતાં બીવીએમ (Bag Valve Mask) દ્વારા કૃત્રિમ શ્વાસ આપી બાળકનો જીવ બચાવ્યો હતો.

આ સમગ્ર કામગીરી ઈએમઈ મહમ્મદમતીન ઠાકોરના સીધા સુપરવિઝન અને પીએમ મહેન્દ્ર ચૌહાણના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. બાદમાં માતા અને નવજાત બાળકને વધુ સારવાર માટે



બાયડની ગાયત્રી હોસ્પિટલમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનોએ ૧૦૮ની આ ઉત્કૃષ્ટ સમયસૂચકતા, કુશળતા અને ટીમવર્ક બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225